<u>સ્પે.દિ.મુ.નં. ૨૫૭/૨૦૧૯</u>

**આંક: ૧ તળે હુકમ :**

(૧) આ કામે હાલનો દાવો વાદી તર્ફે દસ્તાવેજ કરી લેવાનો તથા કાયમી તાકીદ તથા કાયમી હકક સ્થાનનનો તા.૧૭–૧૦–૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે. સદર કામે પ્રતિવાદી તર્ફે આંક–૧૩ થી તા.૦૧–૦૮–૨૦૨૧ ના રોજ વાંધા જવાબ રજુ કરવામાં આવેલ છે. જે વાંધા જવાબની નકલ લેવા માટે પણ વાદી કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી. તેમજ તા.૦૧ –૦૮–૨૦૨૧ બાદ આજદિન સુધી વાદી કે તેમના વકીલશ્રી ના.કોર્ટમાં હાજર રહેલા નથી કે રીજોઈન્ડર રજુ કરેલ નથી કે તેમની આંક–૫ ની મનાઈ અરજી સંબંધે કોઈ કાર્યવાહી કરેલ નથી. જેથી વાદીએ માત્ર કરવા ખાતાર દાવો કરીને બેસી ગયેલ હોય અને દાવો ચલાવવામાં કોઈ જ રસ ન હોવાનું સ્પષ્ટ રીતે રેકર્ડ ધ્યાને લેતા તેમજ વાદીની વર્તણુંક જોતા જણાઈ આવતું હોય, આ કામે વાદીને સદરહું દાવો આગળ ચલાવવામાં બિલકુલ રસ ન હોય તેવુ સ પષ્ટ માલુમ પડેલ હોય, અને વાદીની સતત બેદરકાર રહેલ હોય સબબ વાદીની સતત ગેરહાજરીને કારણે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

<u>**:: હુ ક મ ::**</u>

(૧) સદરહું દાવો દીવાની કાર્યરીતિ સંહિતાના ઓર્ડર : ૧૭ રૂલ: ૨ તથા સાથે ઓર્ડર : ૯ રૂલ:૩ વાંચતા વાદીની સતત ગેરહાજરીને કારણે રદૃ કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

હુકમ આજ તારીખ: ૨૧મી માહે: જુલાઈ, સકને: ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: ગાંધીનગર.
તારીખ: ૨૧–૦૭–૨૦૨૨

(આર.વી. લિમ્બાચિયા)
આઠમા એડી.સિનિયર સીવીલ જજ,
ગાંધીનગર. **GJ01153**